# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-10-2023** **Evening : 7.10 to 7.20pm**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

- રાજ્ય સરકારે ગ્રામ્ય કક્ષાના 16 નાના-મોટા ધાર્મિક સ્થળોના વિકાસ માટે 37 કરોડ 80 લાખ રૂપિયા મંજુર કર્યા.
- ગાંધીનગર ખાતે સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ભાનુબેન બાબરિયાએ વિવિધ યોજનાના લાભાર્થીઓને લોન સહાય વિતરણ કર્યું.
- વન્યપ્રાણી સપ્તાહ અંતર્ગત યોજાયેલ પરિષદમાં મુખ્યમંત્રીએ જણાવ્યું કે સરકાર જીવ માત્ર માટે કરૂણા દયા રાખે છે.
- વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૪ માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નવી દિલ્હીમાં વિશ્વના રાજદ્વારીઓ સાથે બેઠક કરી.
- રાજ્યના વિવિધ જિલ્લાઓમાં પ્રિ વાયબ્રન્ટ સમિટ અંતર્ગત કાર્યક્રમોનું આયોજન
- રાજ્યના ખેડૂતો સોલાર ફેન્સીંગ કરી શકે તે માટે સોમવારથી આઇ-ખેડૂત પોર્ટલ ખુલ્લુ મુકાશે.
- આજે વિશ્વ કપાસ દિવસ છે. ગુજરાત દેશનું સૌથી વધુ કપાસનું વાવેતર કરતું રાજ્ય બન્યું.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# GPYVB – CM MANJURI

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગ્રામ્ય કક્ષાના 16 નાના-મોટા ધાર્મિક સ્થળોના વિકાસ માટે 37 કરોડ 80 લાખ રૂપિયા મંજુર કર્યા છે.

રાજ્ય સરકારના ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડને અલગ-અલગ સંસ્થાઓ/ટ્રસ્ટો દ્વારા નાના-મોટા તીર્થસ્થાનોના વિકાસ માટેની દરખાસ્તો મળી હતી, જેની ઉપર વિચારણા કરી રાજ્ય સરકારે સૈદ્ધાંતિક મંજુરી આપી છે.

જેમાં વડોદરા જિલ્લાના 4 તીર્થસ્થાનોના વિકાસ માટે પોણા આઠ કરોડ, મહેસાણા જિલ્લાના 6 તીર્થસ્થાનોના વિકાસ માટે લગભગ સાડા પંદર કરોડ, અમદાવાદના ધોળકામાં આવેલ મંદિરના વિકાસ માટે ચાર કરોડથી વધુ  તથા પાટણના ખોડિયાર માતા મંદિર તથા તળાવ બ્યુટીફિકેશનના કામો માટે પોણા પાંચ કરોડ,  તો રાજકોટના ખોડલધામ મંદિરના વિકાસ માટે દોઢ કરોડથી વધુ,  ઉપરાંત અરવલ્લીના ગણપતિ મંદિરના વિકાસ માટે સવા કરોડ રૂપિયા મંજુર કર્યા છે.

-------------------------------

# B.BABRIYA- LOAN SAHAY

ગાંધીનગર ખાતે સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ભાનુબેન બાબરિયાએ તેમના વિભાગના યોજનાના લાભાર્થીઓના લોન સહાય વિતરણ કર્યું.

આ પ્રસંગે તેમણે જણાવ્યું કે હવે લાભાર્થીઓને વિવિધ યોજનાઓનો લાભ ડીબીટી યોજના મારફતે સીધો જ બેંક ખાતામાં જમા થાય છે. ઉપરાંત લાભાર્થીઓને પારદર્શિતા સાથે યોજનાના લાભ મળી રહે તે માટે કોમ્પ્યુટરાઈઝડ ડ્રો શરૂ કરવામાં આવ્યા છે. આ પ્રસંગે તેમણે દિવ્યાંગજનોના ઉત્થાન માટે સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલી યોજનાઓની માહિતી આપી જરૂરતમંદ વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ માટે સરકારની વિવિધ યોજનાઓ અમલમાં છે તેમ પણ તેમણે જણાવ્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# CM - Wildlife week

વન્યપ્રાણી સપ્તાહ અંતર્ગત ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં પરિષદ યોજાઈ.

આ પરિષદમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે જીવ માત્ર માટે દયા - કરુણાના ભાવ રહે તે માટે સરકારના પ્રયાસમાં જનસહયોગ અને સૌનો સાથ મળે તે આવશ્યક છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વાઈલ્ડ્લાઈફ ફોટોગ્રાફીનું પ્રદર્શન પણ નિહાળ્યું હતું. રાજ્યમાં વાઇલ્ડ લાઇફ ફોટોગ્રાફી અને વન્યજીવ સૃષ્ટિ અંગેના રિસર્ચ સાથે સંકળાયેલા સ્કોલર્સ, સંશોધકો, ફોટોગ્રાફર્સ આ કોન્ફરન્સમાં જોડાયા હતા.

તેમણે વાઇલ્ડ લાઇફ ફોટોગ્રાફર્સ વન્ય પ્રાણીની તસવીર લેવામાં પોતાની જાતને પણ જોખમમાં મૂકીને જે સાહસ દાખવે છે તેની સરાહના કરી હતી.

(બાઇટ- ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

----------------------------------

## VANYA PRANI SAPTAH

રાજ્યભરમાં વન્ય પ્રાણી સપ્તાહ અંતર્ગત વિવિધ કાર્યક્રમોની ઉજવણી કરવામાં આવી રહી છે.

અમારા મહિસાગર જિલ્લાના પ્રતિનિધિ કૌશિક જોશીના જણાવ્યા અનુસાર શિક્ષણમંત્રી કુબેર ડિંડોરની ઉપસ્થિતિમાં વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. તેઓએ જણાવ્યું કે વન્ય પ્રાણીઓનું સંરક્ષણ અને સંવર્ધન એ આપણી ફરજ છે.

પંચમહાલ જિલ્લાના અમારા પ્રતિનિધિ વિપુર પુરોહિતના જણાવ્યા અનુસાર વન વિભાગના આર.એફ.ઓ.ના માર્ગદર્શન હેઠળ ગોધરા તાલુકાના કાંકણપુર, મેહલોલ, ભાટપુરા ગામે વન્ય પ્રાણીઓની ઓળખ, પ્રકૃતિના સંવર્ધન અને સંરક્ષણ અર્થે વન વિભાગના કર્મચારીઓ દ્વારા જનજાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

----------------------------------

## CM – VIBRANT GUJ. GLOBAL SUMMIT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૪ અંતર્ગત નવી દિલ્હીમાં વિશ્વના દેશોના રાજદ્વારીઓ સાથે બેઠક કરી હતી. વિદેશમંત્રી ડો.એસ.જયશંકર પણ તેમની સાથે આ બેઠકમાં જોડાયા હતા.

આગામી ૧૦ જાન્યુઆરીએ ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે પ્રારંભ થનાર વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની ૧૦મી આવૃત્તિ અંતર્ગત રાજ્ય સરકારે નવી દિલ્હીમાં આજે રાજદ્વારી બેઠકનું આયોજન કર્યું હતું. આ બેઠકમાં ઇન્ડોનેશિયા, જાપાન, ફ્રાન્સ, અલ્જેરિયા, બેલ્લારૂસ, આર્જેન્ટિના, બ્રાઝિલ, યુ.એ.ઇ, ઇજીપ્ત, વિયેતનામ, વેનેઝુએલા, મોરોક્કો, ઓમાન, ફિનલેન્ડ, હંગેરી, કોરિયા, રવાન્ડા, નૌરૂ, મોઝામ્બિક સહિતના દેશોના રાજદ્વારીઓ સહભાગી થયા હતા.

આ બેઠકમાં મુખ્યમંત્રી શ્રી પટેલે છેલ્લા બે દાયકામાં ગુજરાતે 55 બિલિયન અમેરિકન ડોલરનું રોકાણ મેળવ્યું હોવાનું જણાવ્યું હતું. આ સાથે તેમણે રોડ, રેલવે, બંદર અને હવાઇ જોડાણને કારણે ગુજરાતની પહોંચ દેશમાં જ નહીં, પરંતુ એશિયા, આફ્રિકા, મિડલ ઇસ્ટ અને યુરોપીય દેશોના બજારો સુધી પહોંચી હોવાનું જણાવ્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## VIBRANT GUJARAT-VIBRANT DEVBHUMI DWARKA

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયામાં કેબીનેટ મંત્રી કુંવરજી બાવળિયાના અધ્યક્ષસ્થાને વાયબ્રન્ટ ગુજરાત- વાયબ્રન્ટ દ્વારકા કાર્યક્રમ યોજાયો.

આ પ્રસંગે પ્રભારીમંત્રી શ્રી બાવળીયાએ જણાવ્યું કે, નોંધપાત્ર સિદ્ધિના ૨૦ વર્ષની ઉજવણી કરતી વખતે ફ્લેગશીપ ઇવેન્ટના ભાગરૂપે રાજ્યમાં જાગૃતિ ફેલાવવા માટે આ કાર્યક્રમ યોજાઇ રહ્યો છે. આ ઇવેન્ટનો ઉદ્દેશ્ય જિલ્લાની MSME પ્રોડક્ટ, ખાદી, હેન્ડલૂમ, એગ્રો પ્રોડક્ટ્સ અને જિલ્લાની વન ડિસ્ટ્રીક્ટ વન પ્રોડક્ટ્સને સ્થાનિક રાજ્ય અને વૈશ્વિક સ્તરે વિવિધ તકો પૂરી પાડવાનો છે. વધુમાં તેઓએ કહ્યું કે દ્વારકા જિલ્લામાં ૯૧૪ કરોડના ૧૮૦ એમ. ઓ. યુ. થયા છે. આ માટે ઉદ્યોગ સાહસિકો અને જિલ્લા વહીવટી તંત્રને અભિવાદન પાઠવું છું.

દ્વારકાના સમુદ્ર વિસ્તારને કારણે પ્રવાસન ઉદ્યોગનો પણ વિકાસ થયો છે. જેમાં જગત મંદિર દ્વારકા, બ્લુ ફ્લેગ શિવરાજપુર બીચ જેવા પ્રવાસન સ્થળનો વિકાસ થયો છે.

. . . . . . . . . . . . . . . . .

## VIBRANT GUJARAT-VIBRANT PATAN

પાટણ દ્વારા જીલ્લામાં પ્રિ-વાયબ્રન્ટ સમિટ “વાયબ્રન્ટ ગુજરાત-વાયબ્રન્ટ પાટણ” કાર્યક્રમ ઉદ્યોગમંત્રી બલવંતસિંહ રાજપુતની ઉપસ્થિતિમાં આવતીકાલે યોજાશે.

પાટણ જીલ્લામાં મુખ્યત્વે ઈસબગુલ, એગ્રો પ્રોસેસીંગ, ઓઇલ તથા મીઠા આધારિત ઉદ્યોગો વૈશ્વિક સ્તરે વિકસિત થયેલા છે. કેન્દ્ર

સરકારની વન ડીસ્ટ્રીક્ટ વન પ્રોડક્ટ યોજના અંતર્ગત પાટણના વિશ્વ પ્રસિદ્ધ પટોળાને પાટણની મુખ્ય  પ્રોડક્ટ તરીકે સ્થાન આપવામાં આવ્યું છે. પાટણના પટોળા સાથો સાથ હેન્ડીક્રાફ્ટ આઇટમો માટે એક્સપોર્ટની વિશાળ તકો ઉપલબ્ધ હોવાથી આ કાર્યક્રમમાં B2B,B2C તથા B2G જેવી સમીટ યોજાશે.

આ સમિટમાં ઉદ્યોગ, બેંકીગ અને એક્સપોર્ટ ક્ષેત્રના તજજ્ઞો દ્વારા વિચાર વિમર્શ કરવામાં આવશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## VIBRANT GUJ. VIBRANT VADODARA

વડોદરા ખાતે ૧૦ અને ૧૧ ઓક્ટોબરે વાયબ્રન્ટ ગુજરાત – વાયબ્રન્ટ વડોદરા કાર્યક્રમ સમગ્ર રાજ્યના વેન્ડરો માટે અમૂલ્ય તક લઇને આવશે. આ કાર્યક્રમમાં સહભાગી બનવા જઇ રહેલી સાત મોટી કંપનીઓ સાથે વેન્ડર્સ મિટનું આયોજન કરવામાં આવ્યું છે.

જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજર શક્તિ ઠાકોરે જણાવ્યું કે, આ બાયર – સેલર મિટ ઉદ્યોગો માટે સરકાર અને સ્થાનિક ઉદ્યોગો સાથે જોડાણ, નેટવર્ક તથા ભાગીદારીની સંભાવના માટે આગવી તક પૂરી પાડશે. જેમાં વડોદરામાં કાર્યરત બહુરાષ્ટ્રીય કંપનીઓ સહભાગી બનશે.

. . . . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. વધુ સમાચાર આપ અમારી વેબસાઇટ newsonair.gov.in/Gujarati પર વાંચી શકશો..

.......................................

# SOLAR - I KHEDUT PORTAL

રાજ્યના  ખેડૂતો ખેતરની ફરતે સોલાર ફેન્સીંગ કરી શકે તે માટે સોલાર પાવર યુનિટ,  કીટની ખરીદીમાં નાણાકીય સહાય મેળવવા  માટે ખેડૂતો ૯ ઓક્ટોબરથી આઈ-ખેડૂત પોર્ટલ પર અરજી કરી શક્શે. સવારે સાડા દસ વાગે આઇ ખેડૂત પોર્ટલ ખુલ્લુ મુકવામાં આવશે.

આ યોજના હેઠળ રાજ્યના તમામ ખાતેદાર ખેડૂતોને વ્યક્તિગત ધોરણે જેમણે કાંટાળી તારની વાડ બનાવવા માટે લાભ લીધો ન હોય તેને સોલાર ફેન્સીંગ બનાવવા કુલ ખર્ચના ૫૦ ટકા  અથવા ૧૫  હજાર રૂપિયા, બે માંથી જે ઓછું હોય તે મુજબ સહાય મળશે. આ માટે ખેડૂતોએ વહેલા તે પહેલાના ધોરણે આઈ-ખેડૂત પોર્ટલ પર અરજી કરવાની રહેશે. સહાય માટે ખેડૂતને પૂર્વ મંજૂરી મળ્યા બાદ ૬૦ દિવસમાં ઓનલાઈન અરજીની પ્રિન્ટ સાથે કિટની ખરીદી અંગેના જરૂરી આધાર પુરાવા ખેડૂતે સંબંધિત જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીને રજૂ કરવાના રહેશે.

. . . . . . . . . . . . . . . . . .

# VISHVA KAPAS DIVAS

આજે 7 ઓકટોબર એટલે – વિશ્વ કપાસ દિવસ છે. ગુજરાત ભારતમાં કપાસનું સૌથી વધુ ઉત્પાદન કરતું રાજ્ય છે. આ વર્ષે અત્યાર સુધીમાં 26 લાખથી વધુ હેક્ટરમાં કપાસનું વાવેતર કરવામાં આવ્યું છે. જે છેલ્લા 8 વર્ષમાં સૌથી વધુ છે. ગુજરાતમાં મુખ્યત્વે સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં સૌથી વધુ કપાસનું ઉત્પાદન થાય છે. સફેદ સોનું તરીકે ઓળખતો પાક કપાસ જામનગર જિલ્લાના ખેડૂતોની પહેલી પસંદગી છે.

જે અંતર્ગત  સમગ્ર રાજકોટ જિલ્લામાં વર્ષ 2022-23 કપાસનું કુલ વાવેતર બે લાખ 33 હજાર 606 હેક્ટરમાં થયું છે. જેમાંથી કુલ ઉત્પાદન પાંચ લાખ 30 હજાર 299 ટન થયું છે. હેક્ટર દીઠ કિલોગ્રામની ઉત્પાદકતા બે હજાર 270 કિલો જેટલી છે. સૌથી વધુ કપાસનું વાવેતર અને ઉત્પાદન ગોંડલ તાલુકામાં અને ત્યારબાદ રાજકોટમાં થયું છે.

વિશ્વ કપાસ દિવસ નિમિત્તે તાપીમાં કપાસ ઉગાડતા ખેડૂતોને યોગ્ય વૈજ્ઞાનિક માર્ગદર્શન મળી રહે તે હેતુથી ખેડૂત કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

. . . . . . . . . . . . . . . . .

# GPSSB - EXAM

ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ ગાંધીનગર દ્વારા  વડોદરા મહાનગરપાલિકાની જુનિયર ક્લાર્ક વર્ગ- 3 સંવર્ગની પરીક્ષા આવતીકાલે

બપોરે 1 થી 3  સુધી અમદાવાદ શહેરના જુદા જુદા પરીક્ષા કેન્દ્રો પર યોજાશે.

આ પરીક્ષા દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તથા પરીક્ષાર્થીઓ શાંતિથી પરીક્ષા આપી શકે તે માટે વહીવટીતંત્ર દ્વારા સુચારૂ આયોજન કરવામાં આવ્યું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# SOU-JAGRUTI SEMINAR

સ્ટેચ્યુ ઓફ યુનિટી એકતાનગર ખાતે બે દિવસીય કોમ્યુનિટી રેડિયો જાગૃતિ સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

માહિતી અને પ્રસારણ મંત્રાલય, વિશ્વાસ જ્ઞાન પ્રબોધિની અને રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટના સહયોગથી, આ સેમીનાર યોજાયો હતો. માહિતી અને પ્રસારણ મંત્રાલયના અધિક સચિવ સુશ્રી નીરજા શેખર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય કોમ્યુનિટી રેડિયો નીતિ માર્ગદર્શિકાઓની માહિતી પુરી પાડવા તથા સ્થાનિક સમુદાયોને સશક્ત બનાવવાનો હતો.

આ સ્ટેશન લગભગ 10-15 કિલોમીટરની આસપાસના વિસ્તારમાં લોકો સાંભળી શકે છે. સુશ્રી નીરજા શેખરે જણાવ્યું હતું કે “કોમ્યુનિટી રેડિયો સ્ટેશનો સ્થાનિક સમુદાયમાં જાગૃતિ લાવવા અને વંચિત સમુદાયના સશક્તિકરણ માટે, ખાસ કરીને એવા વિસ્તારોમાં જ્યાં લોકો પાસે અન્ય સંચાર સાધનોનું માધ્યમ ખૂબ જ ઓછું છે, તેમના માટે ખૂબ જ શક્તિશાળી સાધન છે." તેમણે જણાવ્યું કે આ સ્ટેશનો સમાજમાં સામાજિક અને આર્થિક વિભાજનના અંતરને પણ ઘટાડી રહ્યા છે.

રાજસ્થાન, ગોવા, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાત સહિત પાંચ રાજ્યોમાંથી લોકોએ ભાગ લીધો હતો.

. . . . . . . . . . . . . . . . . .

## SURENDRANAGAR- AROGYA VIBHAG

સુરેન્દ્રનગર જિલ્લામાં રાજ્ય કક્ષાની આરોગ્ય વિભાગની ટીમ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં મુખ્ય જિલ્લા તથા તાલુકા આરોગ્ય અધિકારી પાસેથી આરોગ્ય સંબધિત જરૂરી વિગતો મેળવી આરોગ્યલક્ષી કામગીરીને વધુ સુદ્રઢ કરવા સૂચનો કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત વ્યવહાર પરિવર્તન દ્વારા લોકોને આરોગ્યલક્ષી જરૂરી સમજ આપી આરોગ્ય સેવાનો લાભ આપવા પૂરતા પ્રયાસો કરવા જણાવ્યું હતું. મિશન ઇન્દ્રધનુષ ૫.૦ ના ત્રીજા રાઉન્ડમાં ૧૦૦ ટકા રસીકરણ થાય અને જિલ્લાનું એક પણ બાળક રસી વિના રહી ના જાય એ બાબતે જરૂરી સૂચનો આપ્યા હતાં.

-----------------------------